RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૧/૨૦૧૨–૧૩,
તા. ૦૨.૦૪.૨૦૧૨
ફોન નં–૯૭૨૪૩૪૫૨૧૬

**અરજદાર :** શ્રી ઈદરીશ હુસેન અબ્દુલ હુસેન શેખ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકત :**

વિષય : આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી ઈદરીશહુસેન અબ્દુલ હુસેન શેખની તા. ૦૨.૦૪.૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં. (૧) BSUP અંતર્ગત કેટલા આવાસો તા. ૩૧.૧૨.૨૦૧૧ સુધીમાં તૈયાર થયા તેની કુલ સંખ્યા અને થયેલ કુલ ખર્ચ (૨) BSUP અંતર્ગત તૈયાર થયેલા આવાસોની ફાળવણી અંગેની માહિતીના તમામ વિગતો લેખિત નકલમાં આપવા બાબત.

સંદર્ભ : (૧) અરજદાર મજકુરની અપીલ તા. ૦૨.૦૪.૨૦૧૨ ની એસયુસી/અપીલ/૦૧/૨૦૧૨–૧૩

શ્રી ઈદરીશ હુસેન અબ્દુલ હુસેન શેખની તા. ૦૨.૦૪.૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં.(૧) BSUP અંતર્ગત કેટલા આવાસો તા. ૩૧.૧૨.૨૦૧૧ સુધીમાં તૈયાર થયા તેની કુલ સંખ્યા અને થયેલ કુલ ખર્ચ (૨) BSUP અંતર્ગત તૈયાર થયેલા આવાસોની ફાળવણી અંગેની માહિતીના તમામ વિગતો લેખિત નકલમાં આપવા બાબત સ્લમ અપગ્રેડેશન વિભાગના પત્ર ક્રમાંકઃ એસયુસી/આઉટ નં./૨૮૩૭, તા. ૧૫.૦૩.૨૦૧૨ માં માંગેલ માહિતી પ્રમાણે વિગતો આપવામાં આવેલ નથી. મુદ્દા નં. ૨ ની માહિતી આપવામાં આવેલ નથી તેમ જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૦૨.૦૪.૨૦૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલના અનુસંધાને મુદ્દા નં. ૨ ની વિષયવસ્તુ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(વરાછા, કતારગામ, સેન્ટ્રલ ઝોન, અઠવા, રાંદેર, લિંબાયત, ઉધના) ને સ્પર્શતી હોય અત્રેના પત્ર નં. એસયુસી/અપીલ/૧૩૧, તા. ૧૧.૦૪.૨૦૧૨ થી તેઓના તબદીલ કરવામાં આવેલ છે. અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં. એસયુસી/અપીલ/૧૩૧, તા. ૧૧.૦૪.૨૦૧૨ થી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પત્ર નં. એસયુસી/આઉટ/૧૭૧, તા. ૧૬.૦૪.૨૦૧૨ થી નોંધ વિભાગની નકલ, અરજદારની મૂળ અરજીની નકલ તથા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં. એસયુસી/આઉટ/૨૮૩૭, તા. ૧૫.૦૩.૨૦૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૦૨.૦૪.૨૦૧૨ ની અરજીથી સ્લમ અપગ્રેડેશન વિભાગના પત્ર ક્રમાંક : એસયુસી/આઉટ નં. ૨૮૩૭, તા. ૧૫.૦૩.૨૦૧૨ માં માંગેલ માહિતી પ્રમાણે વિગતો આપવામાં આવેલ નથી તેવુ જણાવી અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પત્ર નં. એસયુસી/આઉટ/૨૮૩૭, તા. ૧૫.૦૩.૨૦૧૨ ના રોજ માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં. (૧) BSUP અંતર્ગત કેટલા આવાસો તા. ૩૧.૧૨.૨૦૧૧ સુધીમાં તૈયાર થયા તેની કુલ સંખ્યા અને કુલ ખર્ચ DPR પ્રમાણે તેવા પ્રશ્ન બાબતે જાહેર

માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી JnNURM-BSUP અંતર્ગત સ્લમ અપગ્રેડેશન વિભાગ ધ્વારા તા. ૩૧.૧૨.૨૦૧૧ સુધી તૈયાર થયેલ આવાસની સંખ્યા તથા DPR મુજબનો ખર્ચ પરિશિષ્ટ બનાવી માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં. (૨) BSUP અંતર્ગત તૈયાર થયેલા આવાસોની ફાળવણી અંગે માંગેલ માહિતીના પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી JnNURM-BSUP અંતર્ગત તૈયાર થયેલ આવાસો સ્થા. સ. ઠ. નં. ૧૮૩૮/૨૦૦૭, તા. ૨૮.૧૨.૨૦૦૭ થી મંજુર ગાઈડલાઈન મુજબ શહેરના વિકાસ કામો/નદી/ખાડી પૂર અસરગ્રસ્ત સ્થળાંતર કરવાપાત્ર ઝુંપડાવાસીઓને તા. ૧૪.૦૩.૨૦૧૨ સુધી કુલ ૨૨૪૬૩ આવાસોની ફાળવણી કરવામાં આવેલ છે. નિયતપત્રકમાં માંગેલ માહિતી સંબંધિત ઝોન કચેરીને સ્પર્શતી હોય સેન્ટ્રલ ઝોનના પત્ર નં. ૨૫૨૨, તા. ૦૨.૦૩.૨૦૧૨ થી તમામ ઝોનને તબદીલ થયેલ છે તેવું જણાવેલ છે.

મજકુર અરજદારની તા. ૦૨.૦૪.૨૦૧૨ ની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૧/૨૦૧૨–૧૩ અંગે તા. ૨૫.૦૪.૨૦૧૨ ના રોજ ૪.૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અંગે શ્રી ઈદરીશ હુસેન અબ્દુલ હુસેન શેખ અને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) ને અત્રેથી પત્ર નં. એસયુસી/આઉટ/૨૩૬, તા. ૨૧.૦૪.૨૦૧૨ પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભમાં અરજદારશ્રી શ્રી ઈદરીશ હુસેન અબ્દુલ હુસેન શેખ તા. ૨૫/૦૪/૨૦૧૨ ના રોજ સાંજે ૪.૩૦ કલાકને બદલે સાંજે ૫.૦૦ કલાકે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) ની ઓફીસમાં રૂબરૂ સુનાવણીમાં મોડા હાજર થઈ લેખિત નિવેદન આપેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે સ્લમ અપગ્રેડેશન વિભાગ ધ્વારા પત્ર નં. એસ.યુ.સી./આઉટ/નં. ૨૮૩૭,તા. ૧૫/૦૩/૨૦૧૨ થી આપવામાં આવેલ જવાબ સંતોષકારક આપેલ છે મારી અપીલ અરજી અન્વયે મારે સ્લમ અપગ્રેડેશન વિભાગ પાસે કોઈ વિગત/માહિતી મેળવવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી તા. ૦૨.૦૪.૨૦૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પૂરી પડાયેલ હોઈ સ્લમ અપગ્રેડેશન વિભાગે અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર તેઓની તા. ૦૨.૦૪.૨૦૧૨ ની અપીલ અરજી અન્વયે ઝોન કચેરીમાંથી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. એસયુસી
તા.

(જે. એમ. દેસાઈ)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
સુરતમહાનગરપાલિકા.

પ્રતિ : (૧) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ ) .......... જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી ઈદરીશ હુસેન અબ્દુલ હુસેન શેખ.........પ્રતિ.

અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૨/૨૦૧૨–૧૩,
તા. ૨૧.૦૪.૨૦૧૨
ફોન નં–૯૭૨૪૩૪૫૨૧૬

**અરજદાર :** ડો. પિતાંબર પ્રધાન, પરપ્રાંતિય કામદાર સેના(પ્રમુખ),

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકત :**

વિષય : આર.ટી.આઈ.એકટ હેઠળ ડો. પિતાંબર પ્રધાનની તા. ૨૫/૧૦/૧૧ ની અરજીથી (૧) સુરત શહેરમાં આવેલા અમરોલી વિસ્તારમાં રાજીવનગર વસાહત,(પાળા વિસ્તાર) (HUTS OF RIVER WALL CHHAPRABHATHA NO.20) તાપી નદી પુલ પાસે B.M.SURVEY માંથી N/52, N/45, N/42, N/41, બાયોમેટ્રીક સર્વેમાંથી આજ દિન સુધી કેટલા અરજી પત્રક કયા કયા તારીખે B.m.OF HIN. નંબરના અરજી લોકોને આપવામાં બાકી છે તેની માહિતી વિ. મુદ્દા નં. ૧ થી ૧૪ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ : (૧) અરજદાર મજકુરની અપીલ તા. ૨૧.૦૪.૨૦૧૨ નાં એસયુસી/અપીલ/૦૨/૨૦૧૨–૧૩

ડો. પિતાંબર પ્રધાન ની તા. ૨૫.૧૦.૨૦૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત શહેરમાં આવેલા અમરોલી વિસ્તારમાં, રાજીવનગર, વસાહત, (પાળા વિસ્તાર), (HUTS OF RIVER WALL CHHAPRABHATHA NO. 20) તાપીનદી પુલ પાસે B.M.SURVEY માંથી N/52, N/45,N/42, N/41, બાયોમેટ્રીક સર્વેમાંથી આજ દિન સુધી કેટલા અરજી પત્રક કયા કયા BM OF HIN નંબરનાં અરજી પત્રક આપવામાં આવેલ છે. કયા કયા તારીખે આપવામાં આવેલ છે. જેની માહિતી આપો. અને હજુ કેટલા અરજી પત્રક કયા કયા BM OF HIN નંબરનાં અરજી લોકોને આપવાનાં બાકી છે માહિતી આપો. (૨) ઉપર જણાવેલ બી.એમો.માંથી કેટલા લોકને મકાન આપવામાં આવે છે. કોને આપવામાં આવેલ છે.(કયા નંબર કોના નામે અને કયા આધારે) તેની માહિતી નંબર સાથે અને કયા આધારે મકાન આપવામાં આવેલ છે. પુરાવાની નકલ તથા જેને મકાન મળી ગયેલ છે તેની અરજીપત્રકની નકલ આપો. (૩) આજદિન સુધી કેટલા અરજીપત્રક જમા છે. કયા નંબરના તેની માહિતી આપો અને કયા તારીખે જમા થયેલ છે તે અરજીઓનાં ૨૫ રૂા. ફી જમા છે કે કેમ અને જમા કરતાને ૨૫ રૂા. ની રસીદ આપેલ છે કે કેમ તેની માહિતી આપો. (૪) આજદિન સુધી જમા થયેલા અરજી પત્રકો કયા સ્થિતિમાં છે? તેની કારણસાથે લીસ્ટ આપશોજી. તેમાં કયા કયા પુરાવા છે અને જે કંઈ પુરાવા છે તેની નકલ આપો. (૫) ઉપર જણાવેલા બી.એમો માંથી જેટલા અરજી પત્રક નોર્થ ઝોનમાં જમા છે ડ્રો માં કયા કારણે પેન્ડીંગ છે કયા અધિકારીનાં દબાણમાં છે તેની માહિતી આપો. (૬) જુના તારીખથી જમા થયેલા ગરીબ લોકના અરજીપત્રક પેન્ડીંગ રાખીને લેટથી ભરેલા અરજીપત્રકો કયા અધિકારીનાં આદેશથી પેન્ડીંગ રાખવામાં આવેલ છે તે બાબતમાં કોઈ હુકમ હોઈ તો તેની માહિતી આપો. (૭) એન/૪૫/૧૮૩ નં. ના સ્ત્રી અરજદાર ઉડીશા સુકાંતીબેન સન્યાશી ગુજરી ગયા છે. તેની પરીવારનાં આર્થિક નુકશાન કોના માથે આવશે ? અને તેની અરજી ઘણા સમયથી જમા હોવા છતા ભેદભાવ રાખી આજદીન સુધી કેમ ડ્રો કરવામાં આવેલ નથી અને કયા અધિકારી તે અરજી પત્રક બાદ રાખવામાં ઈશારા કરેલ છે હાલ તે અરજી કયા સ્થિતિમાં છે? તેની માહિતી આપો તે સાથે એન/૪૫/૪૨૩ નં. વાળી અરજી પત્રક નવસારીવાળા કયાં મુકી રાખેલ છે તે કયા સ્થિતિમાં છે તેની માહિતી આપો. (૮) નોર્થ ઝોન કતારગામમાં,

તા. ૧૯/૧૧/૨૦૧૦ નાં ઈન્વર્ડ નં. ૮૨૯૩ વાળી અરજી તા. ૨૦/૧૧/૨૦૧૦ નાં ઈન્વર્ડ નં. ૮૩૦૮ થી ૮૩૩૯ વાળી અરજીની નકલ તથા તેની કાર્યવાહીની વિગત આપો. (૯) નોર્થ ઝોનમાં કતારગામના જમીન મીલકતો ખાતામાં કામ કરતા કર્મચારી રમેશભાઈ નૌસારીવાળા નોકરી કર્યાની તારીખથી કેટલી રજા પાડેલ છે અને આજદીન સુધી કયા પ્રકારનાં કામો કેટલા સમયમાં કરેલ છે તેનાં હાથથી તૈયાર કરેલા કામોની વિગતો તથા તેની નકલ આપશો. નોકરી કરેલ તારીખ પહેલા તેની મિલકતોની માહિતી તથા આજરોજ સુધી કેટલી આવક બેંક બેલેન્સ આપો. નોકરી કરેલા દીવસથી આજદિન સુધી તેના કામનાં મીનીટ્સ બુકની નકલ આપો. તેના હસ્તક તૈયાર થયેલા તમામ કામોનાં સહીવાળી નકલો (ફકત શહેરી ગરીબ આવાસ યોજના હેઠળ કામનાં) આપો સહી સિકકા સાથે આપો અને કયા અધિકારીનાં હુકમમાં તે કામ તથા સહી કરેલ છે તેની માહિતી આપો. (૧૦) શહેરી ગરીબો આવાસ અંગે આવેલા ફરીયાદોની શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેની માહિતી આપો. (૧૧) શહેરી ગરીબો આવાસ અંગે હળતાળ કરેલ ને તે બાબત ચૌહાણસાહેબશ્રીએ શાંત પડાવીને નૌસારીવાળાને તમામ કામો નીકાલ કરવા મૌખિક તથા ટેલીફોનીક આદેશ આપવા છતા નવસારીવાળા કયા સાહેબના આદેશથી કોઈપણ કામનાં નીકાલ આજદીન સુધી કરેલ નથી તેની માહિતી આપશો. (૧૨) ધરતીનગર એ.કે.રોડનાં ઝુંપડપટ્ટીનાં કેટલા અરજી પત્રક લોકોને આપવાનાં બાકી છે તેની નામ નંબર સાથે માહિતી આપો અને કેટલા મકાન તોડવામાં આવેલ છે, કેટલા મકાન આપવામાં આવેલ છે તેની માહિતી આપો. (૧૩) ઉધના–મગદલ્લા રોડનાં પોડાચાલ બી.એમ.નંબર એસ/૧૦માં કેટલા અરજી પત્રક આપેલ છે કેટલા અરજી પત્રક આપવાનાં બાકી છે તેની નામ નંબર સહિત સંપૂર્ણ માહતી આપો. (૧૪) ૧૩ પેરામાં જણાવેલા વિસ્તારમાં આવેલા વિસ્તારમાં સંતોષીનગર, તુળસીચાલ, પુઠા ચાલના રુપાલી નહેરમાં કેટલાં અરજીપત્રક આપેલ છે કેટલા અરજીપત્રક આપવાની બાકી છે તેની નામ નંબર સાથે સંપૂર્ણ માહિતી આપવા બાબતમાં ૩૦ દિવસથી વધારે સમય થઈ ગયેલ છે. અને સક્ષમ અધિકારીને વારંવાર રજુઆત કરવાથી માહિતી મળતી નથી. ખોટા આશ્વાસનો આપી દિવસ વધારી રહયા છે. તે બાબત કર્મચારી નૌસારીવાલા, પરમાર, પરતીવાળા, ચૌહાણ સાહેબને ઘણી વાર વિનંતી કરવા છતાં માહિતી મળેલ નથી. જેનાથી નારાજ થઈ કતારગામ ઝોનના એપેલેટ ઓફિસરને તા. ૧૨/૦૪/૨૦૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે સંદર્ભે અરજદારની અપીલના અનુસંધાને અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (કતારગામ ઝોન)એ તેઓના પત્ર નં. એન.ઝેડ/આરટીઆઈ સેલ / ૭૫, તા. ૨૧/૪/૨૦૧૨ થી મજકુર અપીલ અરજી સ્લમ અપગ્રેડેશન વિભાગમાં તબદીલ કરવામાં આવેલ છે.

અરજદારની તા. ૨૫/૧૦/૨૦૧૧ની (આ.ડી.નં.૧૯૮૬, તા. ૧/૧૧/૨૦૧૧) અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. કમિશનરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પત્ર નં. એસયુસી/આઉટ/૧૫૮૬,તા. ૧૫/૧૧/૨૦૧૧ થી સ્લમ અપગ્રેડેશન વિભાગને સ્પર્શતા મુદ્દા નં. ૧૦ શહેરી ગરીબ આવાસ અંગે આવેલા ફરીયાદોની શું કાર્યવાહી કરવામાં આવેલ છે. તેની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતેજાહેર માહિતી અધિકારી અને ડે. કમિશનરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી શહેરી ગરીબ આવાસ અંગે આવેલ ફરીયાદ સંદર્ભે નિતીનિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે. વધુમાં ચોકકસ વિગતો અંગેની માહિતી માંગ્યેથી આપી શકાય તેમ છે. તેવુ જણાવેલ છે.

મજકુર અરજદારની તા. ૧૨/૦૪/૨૦૧૨ ની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૨/૨૦૧૨–૧૩ અંગે સ્લમ અપગ્રેડેશન વિભાગનાં એસયુસી/આઉટ/૧૫૮૬,તા. ૧૫/૧૧/૨૦૧૧ થી પુરી પાડવામાં આવેલ માહિતીના સંદર્ભમાં અસંતોષ હોય કે તેઓના પક્ષે કોઈ રજુઆત કરવા માંગતા હોય તો તા. ૭/૫/૨૦૧૨ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અંગે ડો. પિતાંબર પ્રધાન અને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)ને અત્રેથી પત્ર નં. એસયુસી/આઉટ/૩૧૮,તા. ૧/૦૫/૨૦૧૨ થી પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભમાં અરજદારશ્રી ડો. પિતાંબર પ્રધાન તા. ૭/૫/૨૦૧૨ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)

ની ઓફીસમાં રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ ન હતા. મજકુર અરજદારે કતારગામ ઝોનના જાહેર માહિતી અધિકારીશ્રીના તા. ૨૯/૧૧/૨૦૧૧ ના પત્ર નં. NZ/out/૫૭૮૫, ની માહિતી / નિર્ણયથી નારાજ થઈ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ તા. ૧૨/૦૪/૨૦૧૨ ના રોજ પ્રથમ અપીલ નં. NZ/SMC/FAP/નં. ૦૩/૨૦૧૨–૧૩ કરેલ છે. જાહેર માહિતી અધિકારી અને ડે. કમિશનરશ્રી(SUC) તરફથી પત્ર નં. SUC/out/૧૫૮૬, તા. ૧૫/૧૧/૨૦૧૧ થી પૂરી પાડવામાં આવેલ માહિતી/નિર્ણય વિરુધ્ધ કોઈ અપીલ કરેલ નથી. વધુમાં મજકુર અરજદારને તા. ૦૭/૦૫/૨૦૧૨ ના રોજ રૂબરૂ સાંભળવાની તક આપવામાં આવેલ હોય, તેઓને જાહેર માહિતી અધિકારી અને ડે. કમિશનરશ્રી (SUC) ના પત્ર નં. SUC/out/૧૫૮૬, તા. ૧૫/૧૧/૨૦૧૧ થી પૂરી પાડવામાં આવેલ માહિતી બાબતે કોઈ અસંતોષ નથી તેવુ ફલિત થાય છે.

**હુકમ**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૫/૧૦/૨૦૧૧ની (આ.ડી.નં.૧૯૮૬, તા. ૧/૧૧/૨૦૧૧) અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. કમિશનરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પૂરી પડાયેલ હોઈ સ્લમ અપગ્રેડેશન વિભાગે અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર તેઓની તા. ૧૨.૦૪.૨૦૧૨ ની અપીલ અરજી અન્વયે ઝોન કચેરીમાંથી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. એસયુસી
તા.

(જે. એમ. દેસાઈ)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
સુરતમહાનગરપાલિકા.

પ્રતિ : (૧) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ ) .......... જાણ તથા અમલ સારૂ.

(૨) ડો. પિતાંબર પ્રધાન.........પ્રતિ.

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૩/૨૦૧૨–૧૩,
તા. ૧૧.૦૭.૨૦૧૨
ફોન નં–૯૭૨૪૩૪૫૨૧૬

**અરજદાર :** શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકત :**

વિષય : આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટની તા. ૩૧.૦૫.૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં. (૧) સુરત મહાનગરપાલિકા ધ્વારા કોસાડ ખાતે EWS આવાસ બાબત. આ જમીન સંપાદન થઈ જ ન હતી છતાં આ ખાનગી માલિકીની જમીનમાં જેટલા આવાસો બનાવવામાં આવ્યા હોય તે આવાસની સંખ્યા તથા આ બાબતે જે ખર્ચ થયો હોય તે રકમની માહિતી અને આ બાબતે જેના હુકમ આધારે જે જે પેમેન્ટ કરેલ હોય તે હુકમની નકલ ઉપરાંત જે રીતે આ રકમનું પેમેન્ટ કરાયુ હોય તેની વિગતવાર નકલ સહિતની સંપૂર્ણ માહિતી વિગેરે મુદ્દા નં. ૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ : (૧) અરજદાર મજકુરની તા. ૧૧.૦૭.૨૦૧૨ ની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૩/૨૦૧૨–૧૩

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટની તા. ૩૧.૦૫.૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકા ધ્વારા કોસાડ ખાતે EWS આવાસ બાબતે જમીન સંપાદન થઈ જ ન હતી છતાં આ ખાનગી માલિકીની જમીનમાં જેટલા આવાસો બનાવવામાં આવ્યા હોય તે આવાસોની સંખ્યા તથા આ બાબતે જે ખર્ચ થયો હોય તે રકમની માહિતી અને આ બાબતે જેના હુકમ આધારે જે જે પેમેન્ટ કરેલ હોય તે હુકમની નકલ ઉપરાંત જે રીતે આ રકમનું પેમેન્ટ કરાયુ હોય તેની વિગતવાર નકલ સહિતની સંપૂર્ણ માહિતી. (૨) સુરત મહાનગરપાલિકા ધ્વારા કોસાડ ખાતે EWS આવાસ બાબતે આ જમીન સંપાદન થઈ જ ન હતી છતાં આ ખાનગી માલિકીની જમીનમાં બાંધકામ શરૂ કરાવનાર જે તે જવાબદાર અધિકારીઓના નામ, હોદ્દા સહીતની માહિતી. (૩) આ બાંધકામ અટકાવવાની જેની જવાબદારી થતી હોય તે અધિકારીઓના નામ, હોદ્દા સહીતની માહિતી આપવા બાબત સ્લમ અપગ્રેડેશન વિભાગના પત્ર ક્રમાંકઃ એસયુસી/આઉટ નં./૭૮૫, તા. ૨૦.૦૬.૨૦૧૨ માં માંગેલ માહિતી પ્રમાણે વિગતો આપવામાં આવેલ નથી. મુદ્દા નં. ૩ ની માહિતી આપવામાં આવેલ નથી તેમ જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૧.૦૭.૨૦૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

અરજદારની તા. ૩૧/૦૫/૨૦૧૨ ની અરજીથી સ્લમ અપગ્રેડેશન વિભાગના પત્ર ક્રમાંક : એસયુસી/આઉટ નં. ૭૮૫, તા. ૨૦.૦૬.૨૦૧૨ માં માંગેલ માહિતી પ્રમાણે મુદ્દા નં. ૩ ની વિગતો આપવામાં આવેલ નથી. તેવુ જણાવી અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પત્ર નં. એસયુસી/આઉટ/૭૮૫, તા. ૨૦.૦૬.૨૦૧૨ ના રોજ માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દાનં. ૧ સુરત મહાનગરપાલિકા ધ્વારા કોસાડ ખાતે EWS આવાસ બાબતે આ જમીન સંપાદન થઈ જ ન હતી છતા આ ખાનગી માલિકીની જમીનમાં જેટલા આવાસો બનાવવામાં આવ્યા હોય તે આવાસોની સંખ્યા તથા આ બાબતે જે ખર્ચ થયો હોય તે રકમની માહિતી અને આ બબતે જેના હુકમ આધારે જે જે પેમેન્ટ કરેલ હોય તે હુકમની નકલ ઉપરાંત જે રીતે આ રકમનું પેમેન્ટ કરાયુ હોય તેની વિગતવાર નકલ સહિતની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી સુરત મહાનગરપાલિકાને તબદીલ થયેલ ગુજરાત હાઉસીંગ બોર્ડની કોસાડ ખાતેની જમીનના માસ્ટર પ્લાનમાં હાઉસીંગના હેતુ માટે બ્લોક નં. એચ–૧ થી એચ–૫ માં નિર્માણ કરવામાં આવેલ JnNURM-BSUP ના આવાસો પૈકી પ્લોટ નં. એચ–૪ અને એચ–૫ વાળી જે જમીનનો કબજો સુરત મહાનગરપાલિકાને મળેલ નથી. તે જગ્યામાં સ્થગિત થયેલ બાંધકામના બિલ્ડીંગ નંબરો આવાસોની સંખ્યા તથા ખર્ચની માહિતી પરિશિષ્ટ બનાવી આપવામાં આવેલ છે. મુદ્દા નં. ૨ સુમપા ધ્વારા કોસાડ ખાતે EWS આવાસ બાબતે આ જમીન

સંપાદન થઈ જ ન હતી છતા આ ખાનગી માલિકીની જમીનમાં બાંધકામ શરૂ કરાવનાર જે તે જવાબદાર અધિકારીઓના નામ, હોદ્દા સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી સુરત મહાનગરપાલિકાને તબદીલ થયેલ ગુજરાત હાઉસીંગ બોર્ડની કોસાડ ખાતેની જમીનમાં મંજુર થયેલ માસ્ટર પ્લાન અને મંજુર થયેલ ટેન્ડર મુજબ શહેરી ગરીબો માટેના આવાસના નિર્માણ કાર્ય શરૂ કરાવનાર કર્મચારી / અધિકારીઓના નામ અને હોદ્દાની માહિતી પરિશિષ્ટ બનાવી આપવામાં આવેલ છે.

મજકુર અરજદારની તા. ૧૧.૦૭.૨૦૧૨ ની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૩/૨૦૧૨–૧૩ અંગે તા. ૨૬.૦૭.૨૦૧૨ ના રોજ ૪.૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અંગેશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ અને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) ને અત્રેથી પત્ર નં. એસયુસી/આઉટ/૧૦૩૮, તા. ૧૮.૦૭.૨૦૧૨ થી પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભમાં અરજદારશ્રી શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ તા. ૨૬/૦૭/૨૦૧૨ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) ની ઓફીસમાં રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ ન હતા.મજકુર અરજદારને તા. ૨૬/૭/૨૦૧૨ ના રોજ રૂબરૂ સાંભળવાની તક આપવામાં આવેલ અને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)તરફથી અપીલ તબકકે તેઓના પત્ર નં. : એસયુસી/આઉટ નં. ૧૧૨૨, તા. ૩૦.૦૭.૨૦૧૨ થી મુદ્દા નં. ૩ આ બાંધકામ અટકાવવાની જેની જવાબદારી થતી હોય તે અધિકારીઓના નામ, હોદ્દા સહિતની માહિતી તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પ્રશ્નવાળી જગ્યામાં બાંધકામ બંધ કરાવવામાં આવેલ તે સમયે સ્લમ અપગ્રેડેશન વિભાગમાં જે સ્ટાફ ફરજ બજાવતો હતો તેના નામ અને હોદ્દાની વિગતનો સમાવેશ જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) ના પત્ર નં. એસયુસી/આઉટ/૭૮૫, તા. ૨૦/૦૬/૨૦૧૨ ના મુદ્દા નં. ૨ માં થાય છે. જયારે ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટાઉન પ્લાનરશ્રીના હોદ્દા ઉપર શ્રી ડી. એન. બસાક તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રીના હોદ્દા ઉપર શ્રી જે. એમ. પટેલ ફરજ બજાવતા હોવાનું રેકર્ડ ઉપર જણાય છે તેવું જણાવેલ છે. જેથી મજકુર અરજદારને પૂરી પાડવામાં આવેલ માહિતી બાબતે કોઈ અસંતોષ નથી તેવું ફલીત થાય છે.

**હુકમ**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૩૧/૦૫/૨૦૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં. ૧ અને ૨ ની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પત્ર નં. એસયુસી/આઉટ/૭૮૫, તા. ૨૦/૦૬/૨૦૧૨ થી પૂરી પડાયેલ છે. જયારે મુદ્દા નં. ૩ ની માહિતી અપીલ તબકકે પત્ર નં. એસયુસી/આઉટ/નં. ૧૧૨૨, તા. ૩૦/૦૭/૨૦૧૨ થી પૂરી પડાયેલ છે. માહિતીના અધિકાર અધિનિયમ–૨૦૦૫ અંતર્ગત નિયત સમય અવધિમાં એકી સાથે અરજદારને માહિતી પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)ને તકેદારી લેવા જણાવવામાં આવે છે. મુદ્દા નં. ૧ થી ૩ ની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતથી પૂરી પડાયેલ હોય સ્લમ અપગ્રેડેશન વિભાગે અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તેટલા પૂરતી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પત્ર નં. એસયુસી/આઉટ/૭૮૫, તા. ૨૦/૦૬/૨૦૧૨ થી પુરી પડાયેલ માહિતીના દસ્તાવેજી પુરાવા નિયત ફીની રકમ ભરપાઈ કરી મેળવવા સ્વતંત્ર છે.

નં. એસયુસી
તા.

(જે. એમ. દેસાઈ)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
સુરતમહાનગરપાલિકા

પ્રતિ : (૧) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ ..................... પ્રતિ

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ ) .......... જાણ તથા અમલ સારૂ.

અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૪/૨૦૧૨–૧૩,
તા. ૩૦.૦૭.૨૦૧૨
ફોન નં–૯૭૨૪૩૪૫૨૧૬

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકત :**

વિષય : આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૭.૦૬.૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં. ૧ કોસાડ આવાસના કૌભાંડનો વિજીલન્સનો રીપોર્ટ જે સુરત મહાનગરપાલિકાના કમિશનર સાહેબને સોંપેલ હોય જેની માહિતીની નકલો વિગેરે મુદ્દા નં. ૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ : (૧) અરજદાર મજકુરની તા. ૩૦.૦૭.૨૦૧૨ ની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૪/૨૦૧૨–૧૩

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૭.૦૬.૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં. (૧) કોસાડ આવાસના કૌભાંડનો વિજીલન્સનો રીપોર્ટ જે SMC ના કમિશનર સાહેબને સોંપેલ હોય જેની માહિતીની નકલો. (૨) સને નવેમ્બર ૨૦૧૧ ના સ્થાયી સમિતિના સભ્યશ્રી ભીમજી પટેલ અને અન્ય સભ્ય બહુ ઉંચી વાતો–તપાસ સદર કોસાડ આવાસ ૧૭૭૬ ના ૨૦ કરોડ રૂા. ની તપાસ તળીયા ઝાટક થવી જોઈએ અને આજે સ્થાયી સમિતિના સભ્યશ્રી જાણતા હોય કે સદર આવાસમાં ૨૦ કરોડ રૂા. નો કૌભાંડ થયેલ છે જે વાસ્તવિક છે તેમ છતાં ચૂપ રહેવા અંગેની માહિતી. (૩) સને નવેમ્બર ૨૦૧૧ ના સ્થાયી સમિતિના પૂર્વ અધ્યક્ષશ્રી મુકેશ દલાલના ઠરાવથી મહે. કમિશનરશ્રીએ સદર ૧૭૭૬ કોસાડ આવાસની ઈન્કવાયરી સીટી ઈજનેરશ્રી જતીન શાહ અને ડે. કમિશનરશ્રી શરદ મહેતા અને વિજીલન્સના અધિકારીની સમિતિએ અઠવાડિયા કે એક માસની જગ્યાએ ત્રણ માસ પછી પણ સદર ઈન્કવાયરી ૨૦ કરોડ રૂા. ના કૌભાંડને તહસ–નહસ રફે દફે કરવા ટાઉન પ્લાનીંગના અધિકારી અને સ્લમ અપગ્રેડેશન વિભાગના ડે. કમિશનરને દૂધે ધોયેલા–કલીનચીટ કયા આધારે આપ્યા જે અંગેની આધાર–પુરાવા સહિતની માહિતીની નકલ. (૪) કોસાડ ૧૭૭૬ આવાસ કૌભાંડ ૨૦ કરોડ રૂા. નું થયેલ છે. જે વાસ્તવિક છે એટલે કોઈ તો જવાબદાર હોવો જ જોઈએ. જેથી વિજીલન્સ સમિતિના ઈન્કવાયરી કરનાર જ જવાબદાર જણાય છે. જેઓની જવાબદારી ફીકસ કરી સાથે સાથે ટાઉન પ્લાનીંગ અધિકારી અને સ્લમ અપગ્રેડેશનની પણ જવાબદારી આગળ ફીકસ કરેલ છે. જેથી આ વિજીલન્સ સમિતિના ઈન્કવાયરી કરનારા અધિકારીઓની અને ટાઉન પ્લાનીંગના ડે. કમિશનર અને સ્લમ અપગ્રેડેશનના ડે. કમિશનર પાસેથી જ સદર ૨૦ કરોડ રૂા. ના કૌભાંડની રકમ વસુલવા અંગેની માહિતીની નકલ આપવા બાબત સ્લમ અપગ્રેડેશન વિભાગના પત્ર ક્રમાંકઃ એસયુસી/આઉટ નં. ૯૦૬, તા. ૦૩/૦૭/૨૦૧૨ માં માંગેલ માહિતી નીલ આપવામાં આવેલ જેનાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૦/૦૭/૨૦૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

અરજદારની તા. ૨૭/૦૬/૨૦૧૨ ની અરજીથી સ્લમ અપગ્રેડેશન વિભાગના પત્ર ક્રમાંક : એસયુસી/આઉટ નં. ૯૦૬, તા. ૦૩.૦૭.૨૦૧૨ માં માંગેલ માહિતી પ્રમાણે મુદ્દા નં. (૧) કોસાડ આવાસના કૌભાંડનો વિજીલન્સનો રીપોર્ટ જે SMC ના કમિશનર સાહેબને સોંપેલ હોય જેની માહિતીની નકલો બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી) ઉપરોકત માહિતી વિજીલન્સ વિભાગને સ્પર્શતી હોય અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. (૨) સને નવેમ્બર ૨૦૧૧ ના સ્થાયી સમિતિના સભ્યશ્રી ભીમજી પટેલ અને અન્ય સભ્ય બહુ ઉંચી વાતો–તપાસ સદર કોસાડ આવાસ ૧૭૭૬ ના ૨૦ કરોડ રૂા. ની તપાસ તળીયા ઝાટક થવી જોઈએ અને આજે સ્થાયી સમિતિના સભ્યશ્રી જાણતા હોય કે સદર આવાસમાં ૨૦ કરોડ રૂા. નો કૌભાંડ થયેલ છે જે વાસ્તવિક છે તેમ છતાં ચૂપ રહેવા અંગેની માહિતી. બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ

તરફથી) ઉપરોકત માહિતી વિજીલન્સ વિભાગને સ્પર્શતી હોય અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. (૩) સને નવેમ્બર ૨૦૧૧ ના સ્થાયી સમિતિના પૂર્વ અધ્યક્ષશ્રી મુકેશ દલાલના ઠરાવથી મહે. કમિશનરશ્રીએ સદર ૧૭૭૬ કોસાડ આવાસની ઈન્કવાયરી સીટી ઈજનેરશ્રી જતીન શાહ અને ડે. કમિશનરશ્રી શરદ મહેતા અને વિજીલન્સના અધિકારીની સમિતિએ અઠવાડિયા કે એક માસની જગ્યાએ ત્રણ માસ પછી પણ સદર ઈન્કવાયરી ૨૦ કરોડ રૂા. ના કૌભાંડને તહસ–નહસ રફે દફે કરવા ટાઉન પ્લાનીંગના અધિકારી અને સ્લમ અપગ્રેડેશન વિભાગના ડે. કમિશનરને દૂધે ધોયેલા–કલીનચીટ કયા આધારે આપ્યા જે અંગેની આધાર–પુરાવા સહિતની માહિતીની નકલ બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી) ઉપરોકત માહિતી વિજીલન્સ વિભાગને સ્પર્શતી હોય અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. (૪) કોસાડ ૧૭૭૬ આવાસ કૌભાંડ ૨૦ કરોડ રૂા. નું થયેલ છે. જે વાસ્તવિક છે એટલે કોઈ તો જવાબદાર હોવો જ જોઈએ. જેથી વિજીલન્સ સમિતિના ઈન્કવાયરી કરનાર જ જવાબદાર જણાય છે. જેઓની જવાબદારી ફીકસ કરી સાથે સાથે ટાઉન પ્લાનીંગ અધિકારી અને સ્લમ અપગ્રેડેશનની પણ જવાબદારી આગળ ફીકસ કરેલ છે. જેથી આ વિજીલન્સ સમિતિના ઈન્કવાયરી કરનારા અધિકારીઓની અને ટાઉન પ્લાનીંગના ડે. કમિશનર અને સ્લમ અપગ્રેડેશનના ડે. કમિશનર પાસેથી જ સદર ૨૦ કરોડ રૂા. ના કૌભાંડની રકમ વસુલવા અંગેની માહિતીની નકલ બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી) સદર માહિતી અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી તે મુજબ જણાવી મજકુર અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ છે.

મજકુર અરજદારની તા. ૩૦.૦૭.૨૦૧૨ ની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૪/૨૦૧૨–૧૩ અંગે તા. ૦૯.૦૮.૨૦૧૨ ના રોજ ૪.૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અંગેશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર અને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) ને અત્રેથી પત્ર નં. એસયુસી/આઉટ/૧૧૪૬, તા. ૦૩.૦૮.૨૦૧૨ થી પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભમાં અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તા. ૦૯/૦૮/૨૦૧૨ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) ની ઓફીસમાં રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ ન હતા. પરંતુ ત્યારબાદ મજકુર અરજદારે અત્રેના વિભાગમાં તા. ૧૩/૦૮/૨૦૧૨ થી લેખિત રજુઆત કરી તેઓની પ્રથમ અપીલ અરજીમાં જણાવેલ રજુઆતને જ માન્ય રાખવા જણાવેલ છે. પરંતુ તેઓની રજુઆતની બાબતના મુદ્દા સ્લમ અપગ્રેડેશન વિભાગને સ્પર્શતા ન હોય તથા મજકુર અરજદારને તા. ૦૯/૦૮/૨૦૧૨ ના રોજ રૂબરૂ સાંભળવાની તક આપવામાં આવેલ હોય અને તેઓ હાજર રહેલ ન હોય તેઓની રજુઆત બાબતે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૭/૦૬/૨૦૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી પૂરી પડાયેલ માહિતીમાં સ્લમ અપગ્રેડેશન વિભાગને મુદ્દા નં. ૧ થી ૪ સ્પર્શતા ન હોય સ્લમ અપગ્રેડેશન વિભાગે અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આમ છતાં અરજદાર સ્લમ અપગ્રેડેશન વિભાગમાં નિયમાનુસાર કાર્યવાહી હેઠળ રેકર્ડ તપાસણી કરવા અંગે સ્વતંત્ર છે.

નં. એસયુસી
તા.

(જે. એમ. દેસાઈ)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
સુરતમહાનગરપાલિકા

પ્રતિ : (૧) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર .................... પ્રતિ

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ ) .......... જાણ તથા અમલ સારૂ.

અપીલ અરજી નં. ટીઆરએફડી/અપીલ/૧/૨૦૧૨–૧૩,
તા. ૩૧.૦૫.૨૦૧૨
ફોન નં–૯૭૨૪૩૪૫૨૧૬

**અરજદાર :** શ્રી મીત જીતેન્દ્રભાઈ દેસાઈ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (તાપી રીવર ફ્રન્ટ ડેવ. સેલ સુરત મહાનગરપાલિકા)

**ફરીયાદની હકીકત :**

વિષય : આર.ટી.આઈ.એકટ હેઠળ મીત જીતેન્દ્રભાઈ દેસાઈની તા. ૨૭.૦૩.૨૦૧૨ ની અરજીથી (૧) સુરત શહેરમાં જાન્યુઆરી–૨૦૦૬ માં (સુધી) સુરત મહાનગરપાલિકાના કબજા હેઠળ કેટલી જમીન સુરત શહેરના કયા વિસ્તારમાં અને કેટલી આવેલી હતી તેની માહિતી વિગેરે મુદ્દા નં. ૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ : (૧) અરજદાર મજકુરની અપીલ તા. ૦૮.૦૬.૨૦૧૨ ના ટીઆરએફડી/અપીલ/૦૧/૨૦૧૨–૧૩

શ્રી મીત જીતેન્દ્રભાઈ દેસાઈની તા. ૨૭/૦૩/૨૦૧૨ ની અરજીથી મુદ્દા નં. (૧) સુરત શહેરમાં જાન્યુઆરી–૨૦૦૬ માં (સુધી)સુરત મનપાના કબજા હેઠળ કેટલી જમીન સુરત શહેરમાં કયા વિસ્તારોમાં અને કેટલી આવેલી હતી તેની ચોકકસ માહિતી આપો.(૨)સુરત શહેરમાં ફેબ્રુઆરી–૨૦૧૨ માં (સુધી)સુરત મનપાના કબજા હેઠળ કેટલી જમીન સુરત શહેરમાં કયા વિસ્તારોમાં અને કેટલી આવેલી હતી/છે તેની ચોકકસ માહિતી આપો. ઉપર આપેલ બંને મુદ્દાની માહિતી અલગ–અલગ રીતે એટલે કે, પ્રથમ જાન્યુઆરી–૨૦૦૬ અને પછી ફેબ્રુઆરી–૨૦૧૨ માં (સુધીમાં)એમ બે કોઠામાં ક્રમીકવાર આપવી. (૩) સુરત શહેરમાં સુરત મનપાના કબજા હેઠળની જમીનપર જાન્યુઆરી–૨૦૦૬ થી ફેબ્રુઆરી–૨૦૧૨સુધીમાં કયા સાર્વજનિક સ્થળોનું નિર્માણ થયુ તેની માહિતી આપો. દાત. મનપાના કાર્યાલયો (ઝોન ઓફીસ વિગેરે) સ્પોર્ટસ કલબ, રમત–ગમતના અન્ય મેદાનો, બાગ–બગીચાઓ, મ્યુઝયમો, મનપાના કબજા હેઠળના પ્રવાસન સ્થળો, વાંચનાલયો, શૌચાલયો, તરણકુંડો, ઓવારાઓ વગેરે તમામ વગેરે.. (૪) સુરત શહેરમાં સુરત મનપાના કબજા હેઠળની કયા વિસ્તારમાંની અને કેટલી જમીનોને જાન્યુઆરી–૨૦૦૬ થી ફેબ્રુઆરી–૨૦૧૨ સુધીમાં ગુજરાત સરકાર, ભારત સરકાર, સ્વયં સેવી સંસ્થાઓ, કોઈને વ્યકિતગત રીતે કે અન્ય કોઈપણ સંસ્થાને કે કોઈપણને (મનપાના પોતાના ઉપયોગ સિવાય )કયારે (બને તો ચોકકસ તારીખ સાથે) કયા કારણોસર આપી તેની વિગતે માહિતી આપો અને તે કેટલા મુલ્ય (રૂા.) માં આપી તે પણ જણાવો તે મુજબ મજકુર અરજદારે માહિતી માંગેલ. માહિતી આપવા બાબતના નમૂના–ક માં અરજી રજુ કર્યાના ૩૦ દિવસની અંદર માંગેલ માહિતી નહિ મળતાં નારાજ થઈ તાપી રીવર ફ્રન્ટ સેલના એપેલેટ ઓફિસને ઉદ્દેશીને તા. ૨૮/૦૫/૨૦૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે જે સંદર્ભે અરજદારની અપીલ અનુસંધાને અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (રાંદેર ઝોન) એ તેઓના પત્ર નં. વેસ્ટ ઝોન/આર.ટી.આઈ.સેલ/૩૯૬, તા. ૨૯/૦૫/૨૦૧૨ થી મજકુર અપીલ તાપી રીવર ફ્રન્ટ સેલને તબદીલ કરવામાં આવેલ છે જે તા. ૩૧/૦૫/૨૦૧૨ ના રોજ એપેલેટ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી( તાપી રીવર ફ્રન્ટ સેલ) ને મળેલ છે.

મજકુર અરજદારની તા. ૩૧/૦૫/૨૦૧૨ ની અપીલ અરજી નં. ટીઆરએફડી/અપીલ/૧/૨૦૧૨–૧૩ અંગે ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી તાપી રીવર ફ્રન્ટ સેલને મજકુર અરજદારની તા. ૨૭/૦૩/૨૦૧૨ ની (આઈ.ડી. નં. ૨૦૯૪) અરજી અન્વયે મૂળ અરજીની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિતની નકલ, આપવા જોગ પૂરક માહિતીની

વિગતો, વિલંબ/વિસંગતતા હોય તો તેમજ પ્રત્યુતર આપ્યો ન હોય તો તેની સ્પષ્ટતા સહ દિન–૦૫ માં એપેલેટ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(તાપી રીવર ફ્રન્ટ સેલ)ને મોકલી આપવા પત્ર નં. ટીઆરએફડી/આ.નં. ૩૦, તા. ૦૫/૦૬/૨૦૧૨ થી જણાવવામાં આવેલ. જેના સંદર્ભમાં ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રીએ (તાપી રીવર ફ્રન્ટ ડેવ. સેલ) તેઓના પત્ર નં. ટીઆરએફડી/આ.નં. ૩૪, તા. ૦૭/૦૬/૨૦૧૨ થી અરજદાર શ્રી મીત દેસાઈની અરજીની તપાસ કરતા આ અરજી તેઓ પાસે આવેલ ન હોય આ અરજીના મૂળ સ્ત્રોત અઠવાઝોનમાં તપાસ કરી અરજદારની મૂળ અરજીની નકલ તેઓ તરફથી મેળવવામાં આવેલ છે. જેઅરજીની નકલમાં જણાવેલ વિગતે તેઓ તરફથી તાપી રીવર ફ્રન્ટ ખાતાના પત્ર ક્રમાંક ટીઆરએફડી/આઉટવર્ડ નં. ૩૨,તા. ૬/૬/૧૨ થી મજકુર અરજદારને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. અરજદારશ્રીની મીત જીતેન્દ્ર દેસાઈની તા. ૨૭/૩/૧૨ ની મૂળ અરજીની નકલ તેઓના વિભાગને મળેલ ન હોય મજકુર અરજદારને નિયત સમયમર્યાદમાં પ્રત્યુત્તર આપી શકાયેલ ન હોય, અરજીની નકલ રૂબરૂ તપાસ દરમ્યાન મેળવી અરજદારને તા. ૬/૬/૧૨ થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે તેવું જણાવેલ છે.

ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી (તાપી રીવર ફ્રન્ટ ડેવ સેલ) એ તેઓના પત્ર નં. ટીઆરએફડી/૩૨, તા. ૬/૬/૧૨ થી અરજદાર મજકુરને તા. ૨૭/૩/૨૦૧૨ ની અરજીના સંદર્ભમાં માહિતી પુરી પાડેલ છે જેમાં તા. ૨૭/૩/૧૨ ની મૂળ અરજી સીધી કે સાઉથ વેસ્ટ ઝોન /અઠવાઝોન તરફથી તા. ૧૭/૪/૧૨ ના રોજ તબદીલ કરીને મોકલવામાં આવેલ અરજી તેઓના તાપી રીવર ફ્રન્ટ ખાતાને આજદિન સુધી મળેલ નથી. તા. ૨૭/૩/૧૨ ની અરજી અંગે તપાસ કરી મૂળ અરજીની નકલ મેળવી તેનો અભ્યાસ કરતા તા. ૨૭/૩/૧૨ ની આપની અરજીના લાગત મુદ્દા(૩) થી માંગવામાં આવેલ માહિતી નીચે મુજબ જણાવવામાં આવેલ છે.

| અ.નં. | અરજદારશ્રી નો પ્રશ્ન | અત્રેના ખાતાનો અભિપ્રાય | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧. | સુરત શહેર સુરત મ.ન.પાના કબ્જા હેઠળની જમીન પર જાન્યુ–૨૦૦૬ થી ફેબ્રુ–૧૨ સુધીમાં કયા સાર્વજનીક સ્થળોનું નિર્માણ થયુ તેની માહિતી બાબત. (આપની તા. ૨૭/૩/૧૨ ની અરજીના લાગત મુદ્દા નં. ૩) | સુરત શહેર સુરત મનપાના કબજા હેઠળની જમીન પર જાન્યુ–૨૦૦૬ થી ફેબ્રુઆરી –૨૦૧૨ સુધીમાં તાપી રીવર ફ્રન્ટ વિભાગ ધ્વારા કોઈ સાર્વજનિક સ્થળોનું નિર્માણ કરવામાં આવેલ નથી. | આપની તા. ૨૭/૩/૧૨ ની મૂળ અરજી અત્રેના વિભાગને મળેલ ન હોય, આપને માંગ્યા મુજબની માહિતી નિયત સમય મર્યાદામાં આપી શકાયેલ નહી. |

મજકુર અરજાદરની તા. ૩૧/૦૫/૨૦૧૨ ની અપીલ અરજી નં. ટીઆરએફડી/અપીલ/૧/૨૦૧૨–૧૩ અંગે તાપી રીવર ફ્રન્ટ સેલના પત્ર નં. ટીઆરએફડી/આ.નં. ૩૨, તા. ૦૬/૦૬/૨૦૧૨ થી અપીલ તબકકે પૂરી પાડવામાં આવેલ માહિતીના સંદર્ભમાં અસંતોષ હોય કે તેઓના પક્ષે કોઈ રજુઆત કરવા માંગતા હોય તો તા. ૧૫/૦૬/૨૦૧૨ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અંગે શ્રી મીત જીતેન્દ્રભાઈ દેસાઈ અને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (તાપી રીવર ફ્રન્ટ ડેવ. સેલ) ને અત્રેથી પત્ર નં. એસયુસી/આઉટ/૬૮૪, તા. ૦૮/૦૬/૨૦૧૨ પાઠવવામાં આવેલ જેના સંદર્ભમાં અરજદારશ્રી મીત જીતેન્દ્રભાઈ દેસાઈ તા. ૧૫/૦૬/૨૦૧૨ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) ની ઓફિસમાં રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ ન હતાં. મજકુર અરજદારને તા. ૧૫/૦૬/૨૦૧૨ ના રોજ રૂબરૂ સાંભળવાની તક આપવામાં આવેલ હોય તેમજ અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી

(ટીઆરએફડી) ના પત્ર નં. ટીઆરએફડી/૩૨, તા. ૦૬/૦૬/૨૦૧૨ થી પૂરી પાડવામાં આવેલ માહિતી બાબતે કોઈ અસંતોષ નથી તેવુ ફલિત થાય છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૭/૦૩/૨૦૧૨ (આઈ.ડી. નં. ૨૦૯૪, તા. ૨૭/૦૩/૨૦૧૨) અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(તાપી રીવર ફ્રન્ટ ડેવ. સેલ) તરફથી પૂરી પડાયેલ હોય તાપી રીવર ફ્રન્ટ ડેવ. સેલે અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. SUC/

(જે. એમ. એસાઈ)
અપીલ અધિકારી
અને કાર્યપાલક ઈજનેર
તાપી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ સેલ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ : (૧) શ્રી મીત જીતેન્દ્રભાઈ દેસાઈ પ્રતિ,

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (તાપી રીવર ફ્રન્ટ ડેવ. સેલ) પ્રતિ... જાણ તથા અમલ સારૂ.